# 15 ક્રિકેટ

### રમતનો ઉદ્ભવ

ઇંગ્લૅન્ડની રમતપ્રેમી પ્રજાએ વિશ્વને ઘણી રમતોની ભેટ ધરી છે. જેવી કે : ફૂટબૉલ, હૉકી, ટેનિસ, વોટરપોલો વગેરે આપી છે. આ રીતે વિશ્વને ક્રિકેટની રમત આપનાર દેશ પણ ઇંગ્લૅન્ડ છે. ઇંગ્લૅન્ડના લોકોએ આ રમતને દુનિયાના ઘણા દેશોમાં પ્રચલિત અને લોકપ્રિય બનાવી છે.

ક્રિકેટની રમત ક્યારે શરૂ થઈ તે અંગે ચોક્કસ વર્ષ મળતું નથી ઑક્સફર્ડમાં આવેલ 'બોદલીઅન પુસ્તકાલય'ની એક હસ્તપ્રતમાં મળતા અહેવાલ પ્રમાણે પાદરી લોકો CRICKET નામની રમત રમતાં હતાં. આ ઉપરાંત અન્ય સ્થળેથી મળતી માહિતી પ્રમાણે 16મી સદીમાં 'ગિલ્ડફૉર્ડ ગ્રામર સ્કૂલ'ના વિદ્યાર્થીઓ આ રમત રમતા હતા તથા રમત માટે આ સ્કૂલમાં અલગ મેદાનની વ્યવસ્થા કરવામાં આવેલી. પરંતુ પદ્ધતિસર ક્રિકેટ રમવાની શરૂઆત ઈ.સ. 1700ની આસપાસ થઈ અને ઈ.સ. 1744માં ક્રિકેટની રમતના નિયમો તૈયાર કરવામાં આવ્યા અને દરેક ક્રિકેટ રમતી સંસ્થાઓએ સ્વીકાર્યા. ઈ.સ. 1787થી આ રમતની લોકપ્રિયતા ખૂબ જ વધવા લાગી અને ઇંગ્લૅન્ડના 'મેરિલેબોન ક્રિકેટ ક્લબ' (એમ.સી.સી.) દ્વારા 'લૉર્ડ્ઝ ગ્રાઉન્ડ'ની સ્થાપના કરવામાં આવી.


રમતની લોકપ્રિયતાને ધ્યાનમાં રાખી ઈ.સ. 1909માં 'ઇમ્પિરિયલ ક્રિકેટ કાઉન્સિલ'ની સ્થાપના થઈ, જેનું પાછળથી 'ઇન્ટરનેશનલ ક્રિકેટ કોન્ફરન્સ'માં રૂપાંતર થયું. જે ઇન્ટરનેશનલ કાઉન્સિલ તરીકે પણ ઓળખાય છે જેનું ટૂંકું નામ આઇ.સી.સી. છે. દર વર્ષે આઇ.સી.સી.ના સભ્યો મળે છે તે વખતે ક્રિકેટના નિયમોની ચર્ચા થાય છે. તેમાં સુધારાઓ સૂચવે છે તેમજ વિવિધ દેશો વચ્ચેની ટેસ્ટ સીરિઝ, વન-ડે સિરીઝ તેમજ ટવેન્ટી-ટવેન્ટી સિરીઝના કાર્યક્રમોને આખરી ઓપ અપાય છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આ ક્રિકેટ માટેની સર્વોચ્ચ સંસ્થા છે.

ભારતમાં ક્રિકેટના ઇતિહાસમાં પારસીઓએ અગત્યનો ભાગ ભજવ્યો છે. ઈ.સ. 1848માં પારસીઓએ 'ઓરિએન્ટ ક્લબ'ની સ્થાપના કરી. ઈ.સ. 1866માં 'બૉમ્બે યુનિયન હિન્દુ ક્લબ'ની સ્થાપના કરી. ઈ.સ. 1883માં 'મોહમેડન ક્રિકેટ ક્લબ'ની સ્થાપના થઈ. ઈ.સ. 1866માં પારસી ટીમે ઇંગ્લૅન્ડની મુલાકાત લીધી અને ઈ.સ. 1889-1890માં ઇંગ્લૅન્ડની ટીમે ભારતની મુલાકાત લીધી. ત્યાર બાદ ભારતમાં ક્રિકેટની રમત લોકપ્રિય બની. ભારતમાં પ્રથમ સત્તાવાર ક્રિકેટ મૅચ ઈ.સ. 1884માં બૉમ્બે જિમખાના અને પૂણે જિમખાના વચ્ચે રમાયેલી. જામનગરના મહારાજા સ્વ. રણજિતસિંહજી તેમજ સ્વ. દુલીપસિંહજીએ આ રમતમાં વિશ્વભરમાં નામના મેળવી હતી. તેઓના નામે રણજી ટ્રોફી તથા દુલીપ ટ્રોફીની ટુર્નામેન્ટ રાષ્ટ્રીય કક્ષાએ યોજાય છે.

વિશ્વમાં ખૂબ જ ઓછા દેશોમાં ક્રિકેટ રમત રમાતી હોવા છતાં પણ આજે ક્રિકેટની ગણના વિશ્વની ખૂબ જ લોકપ્રિય રમતોમાં થાય છે. આજે ટેસ્ટ મૅચો કરતાં એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટ તેમજ ટ્વેન્ટી-ટ્વેન્ટી ક્રિકેટ ખૂબ જ લોકપ્રિય બની છે. સમગ્ર વર્ષ દરમિયાન ક્રિકેટની વિવિધ સ્પર્ધાઓ ચાલુ રહે છે. ભાઈઓની જેમ બહેનો માટે પણ હવે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ક્રિકેટની વિવિધ ટુર્નામેન્ટનું અને ટેસ્ટ મૅચોનું આયોજન કરવામાં આવે છે.

### મેદાન


ક્રિકેટનું મેદાન 180 વાર લાંબું અને 145 વાર જેટલું પહોળું હોય એ ઇચ્છનીય છે. જેથી વિકેટના કેન્દ્રમાંથી 60થી 75 વારની બાઉન્ડરી બનાવી શકાય.




**મેદાન**

**પીચ :**

બંને બૉલિંગ ક્રિઝની વચ્ચે આવેલા રમવાના મેદાનને પીચ કહેવામાં આવે છે. પીચ વિકેટના કેન્દ્રમાંથી બંને બાજુએ પાંચ ફૂટ પહોળી હોવી જરૂરી છે.




**વિકેટ્સ :**

સામસામેના છેડાના બંને બાજુના સ્ટમ્પ વચ્ચે 22 વાર (20.12 મીટર)નું અંતર હોવું જોઈએ. એકબાજુના ત્રણ સ્ટમ્પને સમાંતર સામેની બાજુના ત્રણ સ્ટમ્પ રહે તે પ્રમાણે સ્ટમ્પ ખોડવા જોઈએ.

**બૉલિંગ ક્રિઝ :**

વચ્ચેના સ્ટમ્પની બંને બાજુએ સ્ટમ્પની સીધી લીટીમાં 1.34 મીટરની રેખા દોરવામાં આવે છે. રેખાની કુલ લંબાઈ 2.64 મીટર હોય છે. તેને બૉલિંગ ક્રિઝ કહેવામાં આવે છે.




**બૉલિંગ ક્રિઝ**

**પોપિંગ ક્રિઝ :**

બૉલિંગ ક્રિઝની આગળ 1.22 મીટરના સમાન અંતરે જે રેખાઓ દોરવામાં આવે છે તેને પોપિંગ ક્રિઝ કહેવામાં આવે છે.


**સાધનો :**

**દડો :**

ક્રિકેટની રમત માટેનો દડો ગોળ આકારનો હોય છે. તેનું વજન $5\frac{1}{2}$ ઔંસથી ઓછું તેમજ $5\frac{3}{4}$ ઔંસથી વધારે હોવું જોઈએ નહિ. દડાનો ઘેરાવો $8\frac{13}{15}$ ઇંચથી ઓછો ન હોવો જોઈએ અને 9 ઇંચથી વધારે ન હોવો જોઈએ.

**બૅટ :**

બૅટની લંબાઈ વધારેમાં વધારે 96.5 સેમી અને પહોળાઈ વધારેમાં વધારે 10.8 સેમી હોય છે.





**જુદી-જુદી સાઈઝનાં બૅટ**

**સ્ટમ્પ :**

વિકેટની બંને બાજુના સ્ટમ્પ એકસરખાં માપ અને કદના હોવાં જોઈએ. સ્ટમ્પની ઊંચાઈ જમીનની સપાટીથી 71.12 સેમી હોવી જોઈએ. સ્ટમ્પનો ગોળાકાર વ્યાસ 3.49 સેમીથી ઓછો નહિ અને 3.81 સેમીથી વધુ હોવો જોઈએ નહિ. ત્રણેય સ્ટમ્પના ઉપરના છેડે વચ્ચે બેલ્સ (ચકલી) મૂકવી જરૂરી છે. દરેક બેલ્સની લંબાઈ $4\frac{3}{4}$ ઇંચ હોવી જોઈએ તથા સ્ટમ્પ ઉપર મૂક્યા પછી બેલ્સ અડધા ઇંચથી વધારે બહાર રહેવી જોઈએ નહિ.

આ ઉપરાંત આ રમતમાં બૅટ્સમૅન તથા વિકેટકીપરે પહેરવાના પેડ, હૅન્ડગ્લોવ્ઝ, વિકેટકીપિંગ ગ્લોવ્ઝ, હેલ્મેટ, એલ્ડોમિનલ ગાર્ડ્સ, લેગ ગાર્ડ્સ, કીટ બૅગ, સીન ગાર્ડ્સ વગેરે સાધનોની જરૂર પડે છે.



**સ્ટમ્પ**

**ખેલાડીઓ :**

આ રમત માટે પ્રત્યેક ટીમમાં કુલ 16 ખેલાડીઓની પસંદગી કરવામાં આવે છે. જે પૈકી મૅચ શરૂ થતાં પહેલાં 12 ખેલાડીઓનાં નામ જાહેર કરવામાં આવે છે. તેમાંથી 11 ખેલાડીઓ મૅચમાં ભાગ લઈ બૉલિંગ, બૅટિંગ તથા ફિલ્ડિંગ ભરે છે. જ્યારે બાકીનો 1 ખેલાડી બારમાં ખેલાડી તરીકે ઓળખાય છે. રમનાર અગિયાર ખેલાડીઓ પૈકી કોઈ ખેલાડી ઈજા થવાથી અથવા અન્ય કારણોસર પેવેલિયનમાં પાછો આવે ત્યારે તેની અવેજીએ માત્ર ફિલ્ડિંગ ભરવા માટે બારમો ખેલાડી મેદાનમાં હાજર થાય છે. બારમા ખેલાડીને બૅટિંગ, બૉલિંગ કે વિકેટકીપિંગનો અધિકાર હોતો નથી.

**ગણવેશ :**


ટેસ્ટ મૅચ દરમિયાન બંને ટુકડીના તમામ ખેલાડીઓ સફેદ શર્ટ અથવા ટી-શર્ટ અને સફેદ પેન્ટ પહેરે છે. જ્યારે વનડે મૅચ માટે તેમજ ટ્વેન્ટી-ટ્વેન્ટી મૅચ માટે પ્રત્યેક ટુકડી પોતાનો નક્કી કરેલો રંગીન ગણવેશ પરિધાન કરે છે.

**ક્રિકેટ રમતનાં કૌશલ્યો :**

**બૅટિંગ :**

**બૅટની પકડ :**

ડાબા હાથથી હેન્ડલના ઉપરના ભાગમાં અને જમણો હાથ તેની નજીક નીચે આવે તે રીતે પકડ લેવામાં આવે છે. બંને હાથનાં આંગળાં અને અંગૂઠા હેન્ડલ ઉપર વળેલાં રહેશે. બૅટ બંને પગની વચ્ચે મિડલ સ્ટમ્પની લાઇનમાં રહેશે. બૅટના હેન્ડલને મજબૂત રીતે પકડવું, તેમ છતાં વધારે સખતાઈથી બૅટ ન પકડાય તે જોવું.



**બૅટની પકડ**

**સ્ટાન્સ :**

બૅટ પકડીને વિકેટ ઉપર ઊભા રહેવાની સ્થિતિને સ્ટાન્સ કહેવામાં આવે છે. આ માટે જમોડી બૅટ્સમૅન પોતાનો જમણો પગ પોપિંગ ક્રિઝની અંદર અને ડાબો પગ ક્રિઝની બહાર ગોઠવશે. બે પગ વચ્ચે 15 સેમી જેટલું અંતર રાખવું. બંને પગના



**સ્ટાન્સ**

પંજા લેગ સ્ટમ્પની રેખાને સ્પર્શે તે રીતે ગોઠવવા. શરીરનું વજન બંને પગ પર સરખું રહેશે. બૅટના નીચેના ભાગને અંદરના 'ટો'ની પાસે રાખી હેન્ડલને બહારની જાંઘ ઉપર સહેજ ટેકવવામાં આવે છે. બૅટની પકડ લીધા પછી ડાબો ખભો બરાબર સામેની વિકેટ તરફ આવશે. માથું સીધું રહેશે અને નજર બૉલર તરફ રાખશે.

**બેકલિફ્ટ :**

બૉલર દ્વારા ફેંકાયેલા દડાને રમવા માટે બૅટને પાછળ તરફ પદ્ધતિસર ઊંચકવાના કૌશલ્યને બેકલિફ્ટ કહેવામાં આવે છે. બૅટને પાછળ તરફ લઈ જવામાં આવે ત્યારે બૅટની બ્લેડની નીચેની ધાર જમીનને સમાંતર રાખવી. દડાને ફટકારવાની



**બેક લિફ્ટ**

ક્રિયા વખતે બૅટને આગળ ગતિ આપવામાં આવે ત્યારે બંને હાથની કોણીઓ શરીરની નજીક રાખવી જેથી બૅટ શરીરની નજીકથી પસાર થાય.

**ફ્રન્ટ ફૂટ ડ્રાઈવ :**

ઑફ સાઇડના ઓવરપીચ બૉલ પર, લેગ સ્ટમ્પની રેખા તરફ ઉછળેલા ઓવરપીચ બૉલને તથા ઓવરપીચ બૉલને આગળના પગ ઉપર શરીરનું વજન રાખી બૉલને ફટકારવામાં આવે તેને ફ્રન્ટ ફૂટ ડ્રાઈવ કહેવામાં આવે છે. આગળનો પગ, માથું, આંખો, આગળનો ખભો, કોણી, ઘૂંટણ બૉલર તરફ રહે છે. આગળના પગનો 'ટો' જે તરફ બૉલને ફટકારવામાં આવે તે તરફ રાખવામાં આવે છે. ફ્રન્ટ ફૂટ ડ્રાઈવમાં ફ્રન્ટ ફૂટ કવર ડ્રાઈવ, ફ્રન્ટ ફૂટ ઑન ડ્રાઈવ, ફ્રન્ટ ફૂટ સ્ટ્રેટ ડ્રાઈવ, ફ્રન્ટ ફૂટ ઑફ ડ્રાઈવનો સમાવેશ થાય છે.

**બેક ફૂટ ડ્રાઈવ :**

શોર્ટ લેન્થ બૉલ કે જે સ્ટમ્પની લાઇન ઉપર અથવા સહેજ બહારની બાજુ કે લેગ સ્ટમ્પ પર અથવા લેગ સ્ટમ્પ બહાર ઉછળે છે તેવા બૉલને બૅટ્સમૅન પાછળના પગ ઉપર શરીરનું વજન રાખી બૉલને ફટકારે છે તેને બેક ફૂટ ડ્રાઇવ કહેવામાં આવે છે. બેક ફૂટ ડ્રાઈવમાં બૅટ્સમૅન પાછળના પગને સ્ટમ્પ તરફ ખસેડે છે અને સાથે જ શરીર અને પગને બૉલની દિશામાં રાખે છે. આગળના પગને પાછળના પગ પાસે લાવવામાં આવે છે જેથી શરીર સ્ટમ્પની નજીક પહોંચે છે. માથું સ્થિર, નજર બૉલ પર, શરીરનું વજન પાછળના પગ ઉપર, પાછળ તરફ વિંઝાયેલું બૅટ બૉલ પર લાવી બેક ફૂટ ડ્રાઈવ રમવામાં આવે છે. બેક ફૂટ ડ્રાઈવમાં 'હિટ વિકેટ' ન થવાય તેની કાળજી રાખવી પડે છે.

**હૂક શોટ :**

ફાસ્ટ બૉલિંગમાં દડો શોર્ટ પિચ આવે ત્યારે આ પ્રકારનો શોટ રમવામાં આવે છે. આમાં બેક લિફ્ટથી ફટકો માર્યા પછીની બૅટની ફોલો થ્રુની ક્રિયા હૂક આકારની બનતી હોવાથી આ શોટને હૂક શોટ કહેવામાં આવે છે. આ સ્ટ્રોક ભરપૂર



**હૂક શોટ**

રન આપે છે અને શોટ રમવાની સહેજ ખામીથી વિકેટ પણ ગુમાવાય છે. આ પ્રકારના શોટમાં બૉલ સાથે સમયસરનો બૅટનો સંપર્ક ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. આ સંપર્ક સમયસરનો ન હોય તો કૅચ આઉટ થઈ જવાની સંભાવના વધી જાય છે.

**બૉલિંગ :**

બૅટ્સમૅનને આઉટ કરવા માટે બૉલિંગ એ પાયાનું અને અસરકારક કૌશલ્ય છે. સારો બૉલર દરેક બૉલ વખતે બૅટ્સમૅનને મૂંઝવણમાં નાંખે તે રીતે બૉલ ફેંકે છે. બૉલિંગમાં દડાની લાઇન અને લેન્થ ખૂબ જ અગત્યની બાબત ગણાય છે. બૉલિંગની સમગ્ર ક્રિયા ગ્રીપ, રન-અપ, દડાની હાથમાંથી છૂટવાની ક્રિયા અને ફોલો થ્રુ છે.

### ઑફ સ્પિન બૉલિંગ :

ઑફ સ્પિન બૉલિંગને ઑફ બ્રેક પણ કહેવામાં આવે છે. આ પ્રકારની બૉલિંગમાં દડો ટપ્પો પડ્યા પછી બૅટ્સમૅન તરફ ગતિ કરે છે. ટૂંકમાં દડો ઑફ સ્ટમ્પ તરફથી લેગ સ્ટમ્પની દિશામાં ગતિ કરે છે. આ માટે દડાને પહેલી આંગળીના નીચેના વેઢા સુધી સિલાઈ પર રાખીને તથા બીજી અને ત્રીજી આંગળીઓ બાજુ પર વિસ્તારીને દડાની સિલાઈ પર પકડ લેવામાં આવે છે. અંગૂઠાને દડાની સિલાઈ નીચેના ભાગે વાળેલો રાખવામાં આવે છે.



દડા પરની પકડ

### લેગ સ્પિન બૉલિંગ :

લેગ સ્પિન બૉલિંગને લેગ બ્રેક પણ કહેવામાં આવે છે. લેગ સ્પિન બૉલિંગમાં દડો ટપ્પો પડ્યા પછી બૅટ્સમૅનની વિરુદ્ધ દિશામાં ગતિ કરે છે. ટૂંકમાં દડો લેગ સ્ટમ્પથી ઑફ સ્ટમ્પની દિશામાં ગતિ કરે છે. દડા પરની પકડમાં પહેલી, બીજી અને ત્રીજી આંગળીઓ સિલાઈ પર રહેશે. કાંડાને સહેજ નમેલું રાખીને હાથનો પાછળનો ભાગ ઉપર તરફ રાખવામાં આવે છે. આ પ્રકારની બૉલિંગ વખતે દડો છોડતાં કાંડાને ઝાટકો અને આંગળીઓ વડે સ્પિન આપવાનો ગતિમેળ ઉપયોગી થાય છે.




દડા પરની પકડ

### ફાસ્ટ બૉલિંગ :

ખૂબ જ ઝડપથી દડાને ફેંકવામાં આવે તે પ્રકારની બૉલિંગને ફાસ્ટ બૉલિંગ કહેવામાં આવે છે. આ પ્રકારની બૉલિંગ મુખ્યત્વે રમતની શરૂઆતમાં રાખવામાં આવે છે. ફાસ્ટ બૉલરે બૉલની લંબાઈ, ઝડપ અને યોગ્ય દિશામાં બૉલિંગ કરવાથી વિકેટ મેળવવામાં સફળતા મળે છે. સાતત્યપૂર્વક દોડ, ક્રિઝ નજીક આવતાં તીવ્ર ઝડપે દોડ, હાથ અને કાંડાની ત્વરિત ક્રિયાઓ તથા દડાની ડિલિવરી વખતે સમગ્ર શરીરનો ધક્કો આપી શરીરનું સમતોલન જાળવવાનું હોય છે.

ફાસ્ટ બૉલિંગમાં દડાને પહેલી અને બીજી આંગળી સિલાઈની બાજુ પર તથા ત્રીજી અને ટચલી આંગળી બાજુ પર વિસ્તારીને દડાની પકડ લેવામાં આવે છે. અંગૂઠાને સિલાઈ પર રાખવામાં આવે છે.




દડા પરની પકડ

ફાસ્ટ બૉલરમાં શારીરિક તાકાત, સહનશક્તિ, ચોક્કસતા, બુદ્ધિ ચાતુર્ય, આત્મવિશ્વાસ અને મગજ ઉપરનો સંપૂર્ણ કાબૂ હોવો જરૂરી ગણાય છે. ફાસ્ટ બૉલર યોર્કર, ટ્રીમર, બાઉન્સર, બીમર, ઇનસ્વિંગ, આઉટ સ્વિંગ નાખીને બૉલિંગમાં વિવિધતા લાવી શકે છે.

**થ્રોઈંગ :**

બૅટ્સમૅન દ્વારા ફટકારેલા દડાને યોગ્ય રીતે અટકાવી ઝડપી અને ચોકસાઈપૂર્વક ફેંકવાના કૌશલ્યને થ્રોઈંગ કહેવામાં આવે છે. દડાને ચોકસાઈપૂર્વક અને ઝડપથી ફેંકવાનું કૌશલ્ય બૅટ્સમૅનના રન બનાવવાની ક્રિયાને નિયંત્રિત કરે છે તેમજ બૅટ્સમૅનને રન આઉટ કરવા માટે થ્રોઈંગ કૌશલ્ય ઉપયોગી થાય છે.




**થ્રોઈંગ**

સારા થ્રોઈંગ માટે કાંડામાં, કોણીમાં અને ખભામાં સુમેળતા હોવી જોઈએ. શરીરની યોગ્ય સ્થિતિ લઈ, સમતોલન જળવાય તે રીતે દડાને વિકેટકીપર કે સ્ટમ્પ ઉપર ઝડપથી અને ચોકસાઈથી ફેંકવાનો હોય છે.

**કેચિંગ :**

ક્રિકેટની મૅચ જીતવા માટે કૅચિંગ કૌશલ્ય ખૂબ જ અગત્યનું છે. બૅટ્સમૅનના બૅટ અથવા ફિલ્ડરે ફેંકેલો દડો હવામાં હાથ વડે ઝીલી લેવાના કૌશલ્યને કૅચિંગ કહેવામાં આવે છે. કૅચિંગ માટે આવતા દડાના અપેક્ષિત માર્ગમાં પહોંચવું, માથું સ્થિર અને સમતોલ રાખી નજર આવતા દડા ઉપર રાખવી. બંને હાથ અને આંગળીઓ ભેગી કરી કપ જેવો આકાર બનાવવો જેથી આવતો દડો સરળતાથી ઝીલી શકાય. કૅચિંગ બે હાથે, એક હાથ વડે તથા ડાઇવ મારીને કરી શકાય છે. ઉત્તમ ફિલ્ડરને ગૌરવ અપાવનારું આ ઉપયોગી કૌશલ્ય છે.



**કૅચિંગ**

**વિકેટકીપિંગ :**


ક્રિકેટની રમતમાં વિકેટકીપિંગનું કાર્ય ઘણું જ મહત્ત્વનું છે. વિકેટ પાછળ જતાં દડાને રોકવા, વિકેટ પાછળ ઉછળીને કે બૅટને સ્પર્શ થઈને આવતા દડાનો કૅચ કરવા, બૅટ્સમૅન ક્રિઝ છોડે તો સ્ટમ્પ કરી તેને આઉટ કરવા તથા રન લેતા બૅટ્સમૅનને રન આઉટ કરવાનો પ્રયત્ન કરે છે.



વિકેટકીપિંગ

વિકેટકીપર મેદાનમાં પોતાનું સ્થાન બૅટ્સમૅન અને વિકેટની પાછળ લે છે. ઝડપી બૉલિંગ વખતે વિકેટકીપરે સ્ટમ્પથી દૂર યોગ્ય જગ્યાએ સ્થાન લેવું. સ્પિન બૉલિંગ વખતે વિકેટકીપરે સ્ટમ્પની નજીક સ્થાન લેવું.

### મેદાન ઉપર દાવ આપનાર ખેલાડીઓની ગોઠવણી



**ક્રિકેટની રમતમાં ફિલ્ડિંગની ગોઠવણી :**

(1) બૉલર (2) વિકેટકીપર (3) ફર્સ્ટ સ્લિપ (4) સેકન્ડ સ્લિપ (5) થર્ડ સ્લિપ (6) ગલી (7) લેગ સ્લિપ (8) બેકવર્ડ શોર્ટ લેગ (9) શોર્ટ લેગ (10) શોર્ટ મિડ ઑન (11) સીલી મીડ ઑફ (12) શોર્ટ થર્ડ મૅન (13) કવર પૉઇન્ટ (14) એકસ્ટ્રા કવર (15) મીડ ઑફ (16) મીડ ઑન (17) મીડ વિકેટ (18) સ્કવેર લેગ (19) લોંગ લેગ (20) ડીપ સ્કવેર લેગ (21) ડીપ મીડ વિકેટ (22) લોંગ ઑન (23) લોંગ ઑફ (24) ડીપ એકસ્ટ્રા કવર (25) ડીપ થર્ડ મૅન

**રમતના નિયમો :**

**(1) ખેલાડીઓ :** ક્રિકેટની રમત માટે પ્રત્યેક ટુકડીમાં 11 ખેલાડીઓ રમનાર અને એક અવેજી ખેલાડી હશે. સિક્કા ઉછાળ પહેલાં દરેક ટુકડીના કૅપ્ટનો પોતાની ટુકડીના ખેલાડીઓનાં નામ આપી દેશે.

**(2) અવેજી :** મૅચ દરમિયાન ઈજા કે માંદગીને કારણે અવેજી ખેલાડી લઈ શકાશે. અવેજી ખેલાડી બૅટિંગ, બૉલિંગ કે વિકેટકીપિંગ કરી શકશે નહિ. અવેજી ખેલાડી ફક્ત ફિલ્ડિંગ કરી શકશે.

**(3) અમ્પાયર :** મૅચમાં બંને છેડે એક-એક અમ્પાયર એમ બે અમ્પાયરની નિયુક્તિ કરવામાં આવે છે. મેદાન પરના શંકાસ્પદ નિર્ણયો માટે અમ્પાયર ત્રીજા અમ્પાયરની મદદ લઈ શકે છે. આ ઉપરાંત એક મૅચ રેફરીની નિયુક્તિ કરવામાં આવે છે. જે અમ્પાયરો કે સામેની ટીમ ફરિયાદ કરે ત્યારે તે અંગેના નિર્ણયો આપે છે.

**(4) રમતનો પ્રારંભ, અંત અને વિરામ :** અમ્પાયરના 'પ્લે' શબ્દથી રમતની શરૂઆત થાય છે અને 'ટાઈમ' શબ્દથી રમત બંધ થશે. નિયમ પ્રમાણે ભોજન, ચા અને પાણીનો સમય આપવામાં આવે છે.

**(5) ઈનિંગ્સ :** ટેસ્ટ મૅચમાં દરેક ટુકડીએ મૅચમાં વારાફરતી બે-બે દાવ રમવાના હોય છે. આવા એક દાવને ઇનિંગ્સ કહેવામાં આવે છે. વન-ડે ક્રિકેટમાં દરેક ટુકડીએ 50 ઓવરનો એક દાવ રમવાનો હોય છે. જ્યારે ટ્વેન્ટી-ટ્વેન્ટી ક્રિકેટમાં દરેક ટુકડીએ 20 ઓવરનો એક દાવ રમવાનો હોય છે.

**(6) ફોલોઓન :** પ્રથમ બૅટિંગ કરનાર ટુકડી નિયમ મુજબના રનનો તફાવત ધરાવે ત્યારે પોતાના બીજો દાવ લેવાના અધિકારને અનામત રાખીને સામેની ટુકડીને બીજો દાવ લેવાની ફરજ પાડવામાં આવે તેને 'ફોલોઓન' કહેવામાં આવે છે. પાંચ દિવસની મૅચ હોય તો 200 રન, ત્રણ કે ચાર દિવસની મૅચ માટે 150 રન અને બે દિવસની મૅચ હોય તો 75 રનનો તફાવત જરૂરી જાય છે.

**(7) ડિક્લેરેશન :** ટેસ્ટ મૅચમાં બૅટિંગ લેનાર ટુકડી રમત દરમિયાન ગમે ત્યારે પોતાની ઇનિંગ્સને પૂરી થયેલી જાહેર કરી શકે છે.

**(8) સ્કોરિંગ :** સ્કોરિંગ બુકમાં સ્કોરર રન, આઉટ, દડાની વિગત વગેરેની અમ્પાયરના સંકેત મુજબ નોંધણી કરે છે.

**(9) બાઉન્ડરી :** નિયત કરેલી હદની બહાર દડો પીચ પડીને જાય ત્યારે બૅટિંગ કરનાર બૅટ્સમૅનને બાઉન્ડરીના ચાર રન મળે છે. દડો પીચ પડ્યા સિવાય બાઉન્ડરીની હદ ઓળંગે તો બૅટ્સમૅનને સિક્સરના છ રન મળે છે.

**(10) પરિણામ :** ટેસ્ટ મૅચમાં બે દાવને અંતે વધારે રન કરનાર ટુકડી વિજેતા જાહેર થશે. જ્યારે નિર્ધારિત સમયમાં મેચના બંને દાવ પૂરા ન થાય ત્યારે મૅચને ડ્રો (અનિર્ણિત) જાહેર કરવામાં આવે છે. બે દાવને અંતે સરખા રન થતાં ટાઇ (ગાંઠ) પડે તો સરખા વિજેતા જાહેર કરાય છે. વન ડે ક્રિકેટમાં 50 ઓવરના એક-એક દાવ બંને ટુકડી રમે છે જેમાં વધારે રન કરનાર ટુકડી વિજેતા જાહેર થશે. સરખા રન થતાં ટાઇ પડે તો સરખા વિજેતા જાહેર કરાય છે. જ્યારે ટ્વેન્ટી-ટ્વેન્ટી ક્રિકેટમાં 20 ઓવરના એક-એક દાવ બંને ટુકડી રમે છે. જેમાં વધારે રન કરનાર ટુકડી વિજેતા જાહેર થશે. સરખા રન થતાં ટાઇ પડે તો 'સુપર ઓવર' બંને ટુકડીને એક-એક ઓવર રમાડવામાં આવે છે. જેમાં વધારે રન કરનાર ટુકડી વિજેતા જાહેર કરવામાં આવે છે.

**(11) ઓવર :** બૉલર એક છેડા ઉપરથી સતત છ દડા બૅટ્સમૅન તરફ નાંખે તેને ઓવર કહેવામાં આવે છે. નૉ બૉલ અને વાઇડ બૉલને ઓવરના દડા ગણવામાં આવતા નથી.

**(12) નૉ બૉલ :** નિયમાનુસાર મુકરર કરેલી રીતથી દડો ફેંકવામાં ન આવે ત્યારે અમ્પાયર 'નૉ બૉલ' જાહેર કરે છે. આમાં બૅટ્સમૅન દડાને રમી શકે છે અને આઉટ થાય તો બૅટ્સમૅનને આઉટ આપવામાં આવતો નથી. ફક્ત રન આઉટ

થાય તો બૅટ્સમૅનને આઉટ આપવામાં આવે છે, જો નૉ બૉલ પર રન ન થયા હોય તો નૉ બૉલનો એક રન દાવ લેનાર ટુકડીને મળે છે, આવો દડો ઓવરમાં ગણાતો નથી.

**(13) વાઈડ બૉલ :** બૅટ્સમૅનની રમવાની પહોંચ બહારના અથવા દૂરથી પસાર થતા દડાને અમ્પાયર વાઇડ બૉલ જાહેર કરે છે. વાઇડ બૉલનો એક રન દાવ લેનાર ટુકડીને અપાશે. આવો દડો ઓવરમાં ગણાતો નથી. વાઇડ બૉલમાં ખેલાડી સ્ટમ્પ્ડ આઉટ થાય તો આઉટ આપવામાં આવે છે.

**(14) ડેડ બૉલ :** જ્યારે દડો વિકેટકીપરના હાથમાં સ્થાયી થાય કે બૅટ્સમૅન આઉટ થાય ત્યારે દડો ડેડ બૉલ ગણાશે.

**(15) બાય અને લેગ બાય :** બૅટ્સમૅનને સ્પર્શ કર્યા સિવાય દડો વિકેટ પાછળ જાય અને બૅટ્સમૅન દોડીને જેટલા રન લે તે રનને બાય રન કહેવાય છે. જ્યારે બૅટ્સમૅનના હાથના પંજા સિવાય શરીરના કોઈ પણ ભાગને સ્પર્શ કરી દડો દૂર જાય અને બૅટ્સમૅન દોડીને જેટલા રન લે તેટલા રનને લેગ બાય રન કહેવામાં આવે છે.

**(16) બૉલ્ડ આઉટ :** જ્યારે દડો બૅટ્સમૅનના બૅટને અથવા શરીરને અડકીને તેમજ સીધો વિકેટ પર પડે ત્યારે બૅટ્સમૅન બોલ્ડ આઉટ ગણાય છે.

**(17) કૉટ આઉટ :** જો દડો બૅટ્સમૅનના બૅટ અથવા હાથના કાંડા પર લાગી ઊછળે અને કોઈ પણ ફિલ્ડરના હાથમાં જમીનને સ્પર્શ થયા પહેલાં ઝીલાઈ જાય તો બૅટ્સમૅન કૉટ આઉટ ગણાશે.

**(18) એલ.બી.ડબ્લ્યુ :** જો બૅટ્સમૅનના હાથ સિવાયનો ભાગ વિકેટની વચ્ચે હોય અને દડો પહેલાં બૅટ સાથે અથડાયો ન હોય ત્યારે અમ્પાયરને લાગે કે દડો રોકાયો ન હોત તો સીધો વિકેટમાં ગયો હોત. તે વખતે અમ્પાયર બૅટ્સમૅનને લેગ બીફોર વિકેટ ગણી આઉટ આપશે.

**(19) રન આઉટ :** જો કોઈ પણ બૅટ્સમૅન રન લેવા જતાં પોપિંગ ક્રિઝની બહાર હોય અને ફિલ્ડર અથવા વિકેટકીપર તેની વિકેટ પાડી નાખે, તો તે બૅટ્સમૅન રન આઉટ ગણાય છે.

**(20) સ્ટમ્પ્ડ આઉટ :** જો કોઈ પણ બૅટ્સમૅન દડાને રમવા જતાં પોપિંગ ક્રિઝની બહાર હોય અને ફીલ્ડર અથવા વિકેટકીપર  તેની વિકેટ પાડી નાખે ત્યારે તે સ્ટમ્પ્ડ આઉટ ગણાય છે.

**(21) હીટ વિકેટ :** બૅટ્સમૅન દડાને ફટકારવા જતાં વિકેટ પાડી નાખે તો તે હીટ વિકેટ આઉટ ગણાય છે.

**(22) હીટ ધી બૉલ ટ્વાઈસ :** બૅટ્સમૅન દડાને એકવાર રમી ફરી પાછો વિકેટ તરફ જતા દડાને હાથથી અટકાવે તો તે હીટ ધી બૉલ ટ્વાઈસ ગણી આઉટ ગણાશે.

**(23) હૅન્ડલ ધી બૉલ આઉટ :** બંને વિકેટ પાસેના કોઈ પણ બૅટ્સમૅન સામા પક્ષની વિનંતી સિવાય રમતમાં રહેલાં દડાને હાથથી પકડે અને સામી ટુકડી અપીલ કરે તો તે હૅન્ડલ ધ બૉલ આઉટ ગણાશે.

**(24) ઓબસ્ટ્રેકિંગ ધી ફિલ્ડ :** જો બૅટ્સમૅન કોઈ ફિલ્ડરને તેના કાર્યમાં અડચણ ઊભી કરે તો અમ્પાયર બૅટ્સમૅનને ઓબસ્ટ્રેકિંગ ધી ફિલ્ડ માટે આઉટ આપી શકે છે.

**(25) અપીલ :** સામી ટુકડીના ખેલાડીઓ દ્વારા બૅટ્સમૅન આઉટ છે તેવા પ્રકારની અપીલ કરવી ફરજિયાત છે. અપીલ બાદ જ અમ્પાયર પોતાનો નિર્ણય આપે છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો :**

(1) ક્રિકેટની રમતમાં બારમા ખેલાડીને કયા-કયા અધિકારો હોતા નથી ?

(2) લેગ સ્પિન બૉલિંગ એટલે શું ?

(3) ફોલોઅન એટલે શું ?

(4) ક્રિકેટની રમતમાં કયા રનને લેગ બાયના રન કહેવામાં આવે છે ?

(5) ક્રિકેટમાં બૅટ્સમૅન એલ.બી.ડબલ્યુ આઉટ કેવી રીતે થાય છે ?

**2. ટૂંકનોંધ લખો :**

(1) બેક લિફ્ટ (2) હૂક શોટ (3) ફાસ્ટ બૉલિંગ (4) કેચિંગ

**3. નીચેના પ્રશ્નોના ઉત્તર તેની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી લખો :**

(1) ક્રિકેટ રમતની શરૂઆત કયા દેશમાં થઈ હતી ?

(a) ભારત (b) ન્યૂઝીલૅન્ડ (c) ઇંગ્લૅન્ડ (d) ઑસ્ટ્રેલિયા

(2) ક્રિકેટ રમતમાં બે વિકેટ્સ વચ્ચેનું અંતર કેટલું હોય છે ?

(a) 20.12 મીટર (b) 21.12 મીટર (c) 22.12 મીટર (d) 23.12 મીટર

(3) ક્રિકેટ રમતમાં બૅટની લંબાઈ વધારેમાં વધારે કેટલી હોય છે ?

(a) 90.5 સેમી (b) 92.5 સેમી (c) 94.5 સેમી (d) 96.5 સેમી

(4) ક્રિકેટ રમતમાં સ્ટમ્પની ઊંચાઈ જમીનથી કેટલા સેમી હોવી જોઈએ ?

(a) 70.12 સેમી (b) 71.12 સેમી (c) 72.12 સેમી (d) 73.12 સેમી

(5) ક્રિકેટ રમતમાં એક ઓવરમાં કેટલા દડાનો સમાવેશ થાય છે ?

(a) ચાર (b) પાંચ (c) છ (d) સાત

(6) વન-ડે ક્રિકેટમાં એક ટીમ કેટલી ઓવરો રમે છે ?

(a) 20 (b) 30 (c) 40 (d) 50

**પ્રવૃત્તિ**

- મેડિસિન બૉલ સાથેની કસરત વિદ્યાર્થીઓને કરાવવી.
- ક્રિકેટ રમતના હસ્તગત કરેલાં કૌશલ્યોના ઉપયોગથી પ્રારંભિક રમતો જેવી કે માર દડી, દડા ઝીલ રીલે, નાગોરચું, હિટિંગ ધ સ્ટમ્પ જેવી રમતો રમાડવી.
- ક્રિકેટ રમતનાં કૌશલ્યોનો સતત મહાવરો કરાવી રમત રમાડવી.

• • •